**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**
*Conducted*
**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૯ થી ૧૨

## શ્રેણી – ૨૧

**પ્રશ્ન ૧ સામાયિક, પ્રતિક્રમણ, સત્તાધિકાર** (૨૦)

**(અ) સામાયિક પ્રતિક્રમણને આધારે જવાબ લખો. (૨, ૨, ૪, ૨)** (૧૦)

(૧) સાધુ-સાધ્વીને કેટલા પ્રકારનું દાન આપી પાછું લઈ શકાય ? કયું કયું ?

(૨) જવણિજ્જં, જં પિ યં, જાવંતિ અને જંભાઈએણં એ ચારના અર્થ લખો.

(૩) મિથ્યાત્વરૂપી શલ્યથી, મનને અતિ વહાલું, માનથી કરેલી, માઠી ચિંતવણા કરી હોય, એ ચાર શબ્દોના માગધી શબ્દ (મૂળપાઠ) લખો.

(૪) માત્ર સંખ્યા લખો. (૧) પૂર્વ મહાવિદેહના વિહરમાન તિર્થંકર. (૨) ગણધરના ગુણ. (૩) ગુણવ્રતના અતિચાર. (૪) ભગવાન મહાવીર પૂર્વે કેટલા તીર્થંકર થયા ?

**(બ) કર્મગ્રંથના આધારે જવાબ લખો. કોઈ પણ પાંચ** (૧૦)

(૧) અર્થ લખો. (૧) અબાધાકાળ (૨) નિષેકકાળ (૩) સદ્‌ભાવ સત્તા (૪) સંભવ સત્તા

(૨) ચરમ શરીરીને સત્તામાં (૧) સંઘયણ (૨) શરીર (૩) આયુષ્ય અને (૪) નવ નોકષાયમાંથી કેટલા સત્તામાં હોય માત્ર સંખ્યા લખો.

(૩) નીચેની પ્રકૃતિઓનો સત્તા વિચ્છેદ કયા કયા ગુણસ્થાનકે થાય ?
(૧) પ્રત્યાખ્યાની માયા (૨) સૂક્ષ્મનામ (૩) અરતિ (૪) પ્રત્યેક નામ

(૪) અનાદિના મિથ્યાત્વીને સત્તામાં કઈ કઈ પ્રકૃતિ ન હોય ?

(૫) પેપર લખનાર તમને આયુષ્ય, અનંતાનુબંધી ચોક, સંસ્થાન અને સ્થાવર દશકમાં થી કેટલી પ્રકૃતિ સત્તામાં હોય માત્ર સંખ્યા લખો.

(૬) જે અસંખ્યાતા સમય સુધી અણાહારી રહે છે, એને ચરમ સમયે કેટલી પ્રકૃતિ સત્તામાં હોય ? કઈ કઈ ?

**પ્રશ્ન ૨ શ્રી સૂયગડાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૫)

(૧) ણિરય એટલે શું ? (૨) સાત નરકના નામ લખો. (૩) મુખ્યતયા કેટલા પ્રકારના દુ:ખ છે ? તે કેટલી નરક સુધી હોય ? (૪) નીચે નીચેની નરકમાં શુ વધતુ જાય અને શું ઘટતું જાય (૫) કઈ કઈ નરકની સ્થિતિ ૨૨ સાગરોપમની છે ?

**પ્રશ્ન ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) અનાત્માર્થીના છ સ્થાન કેવા છે ? કયા કયા ? છ સ્થાન લખો. (૩)

(૨) ઋતુ કેટલી છે કઈ કઈ ? (૧)

(૩) ઉન્માદના કારણો લખો. (૩)

(૪) ચોથું આહાર કરવાનું કારણ, ત્રીજું અસંભવિત કારણ, પાંચમી લોકસ્થિતિ, બીજો પ્રશ્ન, છઠ્ઠો પ્રમાદ, પહેલો પ્રતિક્રમણનો પ્રકાર લખો. (૩)

**પ્રશ્ન ૪ જ્ઞાતાધર્મકથા ને આધારે જવાબ લખો.** (૧૦)

(અ) (૧) એક શબ્દમાં જવાબ લખો. (૧) પૂર્વ મહાવિદેહમાં કઈ નદી હતી (૨) પુષ્કલાવતીની રાજધાની કઈ હતી ? (૩) સ્થવિરો કયા ઉદ્યાનમાં પધાર્યા (૪) કુંડરિક મુનિના શરીરમાં શું ઉત્પન્ન થયું ?

(૫) કુંડરીક મુનિ શેના પર બેસીને આર્તધ્યાન કરવા લાગ્યા ? (૬) પુંડરીકે સ્વયં કેટલા મહાવ્રત ધારણ કર્યા (૭) પુંડરીક કાળ કરીને કયાં ઉત્પન્ન થયાં. (૮) પુંડરકે કંડરીક મુનિને કયાં પધારવાનું કહયું (૯) કંડરીક રાજાએ ભોજનમાં કેવો આહાર લીધો (૧૦) શ્રમણત્વથી કંટાળેલા મુનિને શ્રમણત્વ પ્રત્યે શું આવ્યું ?

(બ) કોણ કોને કહે છે ? (૧) આપે જે કહયું તે સત્ય છે (૨) મને તે રૂચ્યો છે (૩) કંડરીક અણગાર અશોકવાટિકામાં વૃક્ષ નીચે ઉદાસ અવસ્થામાં બેઠા છે. (૪) હું અધન્ય છું (૫) તેમની પાસેથી ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યા પછી જ આહાર વાપરીશ.

અથવા

પ્રશ્ન ૪ શ્રી પુષ્પિકાવર્ગના આધારે જવાબ લખો. (૧૦)

(અ)(૧) એક શબ્દમાં જવાબ લખો. (૧) રાજગૃહીમાં કયું ઉદ્યાન હતું (૨) સૌધર્મકલ્પની કઈ દેવીની વાત છે (૪)
(૩) ભદ્ર સાર્થવાહની પત્ની કોણ હતી. (૪) વારાણસી નગરીમાં કયા સાધ્વી પધાર્યા.

(બ) કોણ કોને કહે છે. (૧) આપ ઘણાં જ્ઞાની છો. (૨) રાષ્ટ્રકૂટ વિના સંકોચે દીક્ષા લેવાની આજ્ઞા આપશે. (૨)
(૩) તમે હમણાં પ્રવજિત ન થાઓ.

(ક) એક વાક્યમાં જવાબ આપો. (૧) સુભદ્રા આર્યા બાળકો માટે શેની ગવેષણા કરવા લાગી ? (૪)
(૨) સાધ્વીજી કેવો ઉપદેશ સંભળાવી શકે ? (૩) બહુ પુત્રિકા કાળ કરીને કયાં ઉત્પન્ન થશે. કોની સાથે લગ્ન કરશે. (૪) સોમા આર્યા દિક્ષિત થયા પછી શું કરશે ? (૫) સોમા આર્યા કાળ કરી કયાં ઉત્પન્ન થશે ? કેટલી સ્થિતિ પ્રાપ્ત થશે ?

પ્રશ્ન ૫ અંતગડ દશાંગને આધારે જવાબ લખો. (૫)

એક વાક્યમાં જવાબ લખો.

(૧) અતિમુક્તકુમાર કઈ નગરીના, ક્યા રાજા-રાણીના પુત્ર હતા ?
(૨) ગૌતમસ્વામી ભિક્ષાર્થે કયાં કયાં ફરવા લાગ્યા.
(૩) ભગવાનની દેશના સાંભળીને અતિમુક્તકુમારે ભગવાનની સમીપે આવીને શું પુછયું ?
(૪) અતિમુક્તકુમારે દીક્ષા લઈને શું કર્યું ?
(૫) સ્થવિર મુનિઓએ ભગવાન સમીપ આવીને શું પુછયુ ?

પ્રશ્ન ૬ જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ લખો. (૫)

(૧) નૌકાવણિકોએ પરસ્પર મળીને શું વિચાર કર્યો ? કયાં ગયા ?
(૨) કાલિકદ્વીપમાંથી શું લઈ આવ્યા ?
(૩) અશ્વપાળોએ ઘોડાને કેવી રીતે પ્રશિક્ષિત કર્યા ?
(૪) કેવા નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓ અવહેલનાને પાત્ર બને છે ?
(૫) નૌકાવણિકોને ઘોડા આશ્ચર્યજનક કેમ લાગ્યા ?

પ્રશ્ન ૭ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ આપો. (૧૫)

(અ) ગાથા પૂરી કરીને ભાવાર્થ લખો. (૯)

(૧) ચઈઉણં ..... જાઈ
(૨) મિહિલં ..... જાયવં
(૩) એવ..... સક્કો।

(બ) નીચેના સવાલોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૬)

(૧) આ અધ્યયનમાં કઈ નગરીના કયા રાજાની વાત છે ? એ પૂર્વભવમાં શું હતા ?

(૨) બ્રાહ્મણનારૂપમાં આવેલા ઈન્દ્રે પહેલો પ્રશ્ન શું પૂછયો ?
(૩) રાજા કેવા બાણ અને ધનુષ્ય વાપરવાનું કહે છે ?
(૪) યુદ્ધ કોની સાથે કરવું જોઈએ ? શા માટે ?
(૫) કોને જીતવા દુષ્કર છે ? એને કેવી રીતે જીતી શકાય.
(૬) રાજાનું શું શું ઉત્તમ છે ?

પ્રશ્ન ૮ શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(અ) દ્વીપસમુદ્રના આધારે જવાબ લખો. (૫)

(૧) ૧૨, ૧૩, ૧૪, ૧૫ મા સમુદ્રના નામ લખો.
(૨) પુષ્કર સમુદ્ર, અરૂણ સમુદ્ર, વારૂણી સમુદ્ર અને ક્ષીર સમુદ્રના પાણીનો સ્વાદ કેવો છે ?
(૩) દ્વીપ સમુદ્રોના માલિક કોણ છે ? તેમની સ્થિતિ કેટલી છે ?
(૪) જંબૂ દ્વીપની લંબાઈ - પહોળાઈ અને પરિધિ લખો.
(૫) દ્વીપસમુદ્રોના આકાર કેવા છે ? દ્વીપ સમુદ્ર કેટલા છે ? છેલ્લો સમુદ્ર કયો છે ?

(બ) લવણસમુદ્રના આધારે જવાબ લખો. (૫)

(૧) સુસ્થિત દેવનું કીડાસ્થાન કયાં છે ? તેની લંબાઈ પહોળાઈ અને પરિધિ લખો.
(૨) પાતાળ કળશા કયાં આવ્યા છે ? એના માલિક કોણ કોણ છે ?
(૩) લવણસમુદ્રનો આકાર કેવો છે ?
(૪) કળશોમાં કેટલા ભાગ છે ? દરેક ભાગમાં શું છે ?
(૫) લવણસમુદ્રનો અધિકાર કયાં કયાં છે ? (અર્થાત વર્ણન કયાં કયાં છે ? કયા કયા સૂત્રોમાં છે ?

પ્રશ્ન ૯ શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) નીલગાય, સૂર્યરત્ન, છીપ અને કરોળિયાને કેટલી અને કઈ કઈ ઈન્દ્રિય હોય ?
(૨) ઈન્દ્રિયોના સંસ્થાન લખો.
(૩) દ્વારના નામ લખો.
(૪) પૃથુત્વ દ્વાર લખો.
(૫) વૃક્ષ, વાંદો, વાંદરો અને વાંતરાની ઈન્દ્રિયોનો ઉત્કૃષ્ટ વિષય કેટલો કેટલો હોય ?

પ્રશ્ન ૧૦ નીચેનામાં માર્ગણા સમજણ સહિત લખો. (૧૦)

(૧) ઊર્ધ્વલોક મનયોગીમાં કેટલા ભેદ છે ? કયા કયા ? નારકી અને મનુષ્ય કેમ નથી લીધા ?
(૨) અધોલોક મનયોગીમાં કેટલા ભેદ છે ? કયા કયા ? મનુષ્યનો એકજભેદ શા માટે ?
(૩) ઊર્ધ્વલોક અણાહારકમાં મનયોગીમાં કેટલા ભેદ છે ? કયા કયા ? પર્યાપ્તા ભેદ કેમ નથી લીધા ?
(૪) જ્યોતિષીની આગતિમાં મનયોગીમાં કેટલા ભેદ છે ? કયા કયા ? નારકી અને દેવ કેમ નથી લીધા ?
(૫) અધોલોક બાદર નપુંસકમાં મનયોગીમાં કેટલા ભેદ છે ? કયા કયા ? દેવ કેમ નથી લીધા ?

.... જય જિનેન્દ્ર ....